RESEARCH REVIEW JOURNALS
Volume-02
Issue-09
September-2017

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com

# અમદાવાદ શહેરના સ્ત્રી સફાઈ કામદારના સામાજિક પરિવર્તનનો અભ્યાસ

[1]પ્રા. ગોપાલભાઈ લકુમ, [2]પ્રા. ડો. નટુભાઈ વર્મા

[1]*સંશોધનકર્તા, સરસપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ અમદાવાદ; ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ*
[2]*સંશોધન માર્ગદર્શક, સમાજશસ્ત્ર વિભાગ, એલ. ડી. આર્ટસ કોલેજ અમદાવાદ; ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ*

**ARTICLE DETAILS**

**Article History**
*Received:* 05 August 2017
*Accepted:* 10 Sep 2017
*Published Online:* 15 Sep 2017

**Keywords**
*સામાજિક અને સંસ્કૃતિક, કુટુંબ સંસ્થા*

**ABSTRACT**

*સમાજશાસ્ત્રના વિષયવસ્તુમાં સામાજિક અને સંસ્કૃતિક પરિવર્તનના અભ્યાસનો એક મહત્વનો ભાગ ગણવામાં આવે છે. સમગ્ર વિશ્વમાં કોઈપણ સમાજ એવો નથી કે જે પરિવર્તનની પ્રક્રિયાથી અલિપ્ત હોય. જોકે દરેક સમાજની પરિવર્તનની પ્રક્રિયા એક સરખી ન હોય તે શક્ય છે. પરિવર્તનની માત્રા, ઝડપ(ગતિ), દિશા વગેરેમાં ફેરફાર હોય શકે પરંતુ પરિવર્તન આવ્યા વગર રહેતું નથી. સમાજની જુદી-જુદી રચનાઓ, શાખાઓ કે સંસ્થાઓમાં પણ પરિવર્તન આવે છે. તેવીજ રીતે જ્ઞાતિ વ્યવસ્થામાં પણ પરિવર્તન આવતું જોવા મળે છે.*

*ભારતીય સમાજ વિવિધ નાના-મોટા માનવ જૂથોમાં વહેંચાયેલો જોવા મળે છે. આવા માનવજૂથોને હિન્દુ સમાજમાં "જ્ઞાતિ" કે નાત તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય સમાજ આવા વિવિધ જ્ઞાતિ જૂથોનો બનેલો બહુમુખી સમાજ છે. આવા વિવિધ જ્ઞાતિ જૂથોની રચના ક્યારે અને કેવી રીતે થઈ તે કહેવું મુશ્કેલ છે છતાં એવું માનવમાં આવે છે કે ભારતીય સમાજમાં અનુ વૈદિક યુગથી જ્ઞાતિ પ્રથા અસ્તિત્વમાં આવી. વેદકાલિન સમાજમાં પણ ઊંચનીચના કોટીક્રમ ધરાવતી સ્તરરચના જોવા મળતી હતી. દરેક જ્ઞાતિના લોકોનું જીવન પરંપરાગત રૂઢિઓ, માન્યતાઓ અને રિતરિવાજો ઉપર આધારિત હોય છે. ભારતીય સમાજ વ્યવસ્થામાં કુટુંબ સંસ્થા, લગ્ન સંસ્થાની જેમ જ્ઞાતિ પણ એક સામાજિક સંસ્થા તરીકે ઓળખાય છે. ભારતીય સામાજિક જીવનમાં મોટાભાગના ક્ષેત્રોમાં જ્ઞાતિ વ્યવસ્થાને મહત્વ અપાય છે. ભારતીય હિન્દુ સમાજ વ્યવસ્થાઓ પાયો વૈદિક સમાજની વર્ણ વ્યવસ્થા પર રહેલો છે. પ્રવર્તમાન જ્ઞાતિ સ્તર રચનાને સમજવા માટે વર્ણ વ્યવસ્થાની ઉત્પત્તિનો સંક્ષેપમાં વિચાર કરીએ તો હિન્દુ ધર્મશાસ્ત્રોમાં વર્ણપ્રથાને ઈશ્વર રચિત માનવમાં આવે છે. આજે પણ વર્ણવ્યવસ્થાને ઈશ્વરીય વ્યવસ્થા માનવા વાળો મોટો વર્ગ છે.*

*મનુસ્મૃતિમાં વર્ણપ્રથાની ઉત્પત્તિ વિશે કહેવાયું છે કે પરમાત્માના ચાર અંગોમાંથી ચાર વર્ણ ઉત્પન્ન થયા છે. મુખમાંથી બ્રાહ્મણ, હાથમાંથી ક્ષત્રિય, પેટમાંથી વૈશ્ય અને પગમાંથી શુદ્ર, આ ચારેય વર્ણના કાર્યો પણ નક્કી થયેલા હતા. સમય જતાં આ ચારેય વર્ણમાંથી પાંચમા વર્ણનું સર્જન થયું જેને અતિશુદ્ર તરીકે ઓળખવામાં આવ્યા. પ્રસ્તુત સંશોધન અમદાવાદ શહેરના સ્ત્રી સફાઈ કામદાર વિષે તથા તેમનામાં સામાજિક પરિવર્તનના વિષેનો ચિતાર રજૂ કરેછે.*

## 1.1 પ્રસ્તાવના

જ્ઞાતિવ્યવસ્થાના ઉદભવનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય જોઈએતો વર્ણાશ્રમવાળી સમાજ વ્યવસ્થામાંથી જ્ઞાતિબદ્ધ સમાજરચનાનો પ્રારંભ વૈદિક યુગના અંતભાગમાં થયેલો હોવાના ઉલ્લેખો છે. મનુસ્મૃતિ પ્રમાણે મનુના સમયમાં વર્ણાશ્રમમાંથી જ્ઞાતીના ઉદભવની શરૂઆત થઈ. વર્ણના બદલે જાતિ શબ્દ પ્રયોજાયો. હર્બટ રિઝેલે પણ પોતાના જાતિભેદના સિદ્ધાંતમાં જણાવે છે કે જ્ઞાતિપ્રથના ઉદભવ માટે વંશ અને અનુલોમ લગ્ન જવાબદાર છે. જે. એચ. હટ્ટનના માટે જ્ઞાતિ અનેક સૈકાઓ દરમ્યાન વિકાસ પામેલી સંસ્થા છે. બીજી બાજુ મજૂમદાર જણાવે છે કે લોહીની શુદ્ધતાના ખ્યાલમાંથી જ્ઞાતિપ્રથા નિર્માણ પામી. સગપણ સંબંધ અને વ્યવસાય ભેદના આધારે અનેક જ્ઞાતિઓ અસ્તિત્વમાં આવી. સૈકાઓ સુધી આ પ્રકારની સમાજ વ્યવસ્થા અસ્તિત્વ ધરાવતી હતી. સમય જતાં આ પ્રકારની સમાજ વ્યવસ્થા ધર્મવ્યવસ્થામાં પરીવર્તન પામી. વર્ણ વ્યવસ્થાનું સૌથી બિહામણું સ્વરૂપ તે ધર્મ દ્વારા સ્થાપિત થયેલ અસ્પૃશ્યતા છે.અનુલોમ – પ્રતિલોમ લગ્ન તેમજ બીજા કેટલાક કારણોસર એક નવો વર્ણ ઉત્પન્ન થયો જેને અસ્પૃશ્યવર્ણ કહેવાયો. ધર્મના નામે આ વર્ણની પ્રજા માટે અનેક અમાનવીય નિયમો બનાવ્યા. આ પંચમવર્ણની જ્ઞાતિઓને અમુક વ્યવસાય કરવાના જ નિયમો બનાવ્યા. જેમાં પ્રાચીન સમયથી માંડીને આધુનિક યોગમાં ઘણું પરીવર્તન આવેલું જોવા મળે છે.

© RRIJM 2015, All Rights Reserved

આઝાદી પછીથી દેશમાં દેખીતી રીતે અસ્પૃશ્યતા અને પરંપરાગત વ્યવસાયો જળવાઈ રહેલા લગતા નથી. શિક્ષણ દેશના તમામ નાગરિકોને સુલભ બન્યું છે. વ્યવસાયની સમાન તક સાથેના આ સમાજને અનામત જેવા લાભો પણ પ્રાપ્ત થયા છે. આઝાદી પૂર્વેની સમાજ વ્યવસ્થાના મૂલ્યો , માન્યતાઓ ધોરણો અને બીજી સાંસ્કૃતિક બાબતોમાં પરિવર્તન આવેલું દેખાય છે. આમ , છતાં હજુ અનુસુચિત જાતિઓનો સર્વાંગી વિકાસ થવો જોઈએ તેટલો થયો નથી. દેશના અનેક પ્રદેશોમાં આ સમાજ માટે હજુ મંદિર પ્રવેશ શક્ય નથી. અનેક પ્રકારના સામાજિક ભેદભાવો રખાય છે. દેશમાં કાયદાના ડરથી અસ્પૃશ્યતા દૂર થયેલી જોવા મળે છે. પરંતુ વાસ્તવમાં તેનું સ્વરૂપ બદલાયું છે. હવે એક જાતની "માનસિક અસ્પૃશ્યતા" જન્મી-વિકસી છે. હજારો વર્ષોથી જીવનમાં વણાઈ ગયેલા વ્યવહારો માનવીના મનમાંથી ક્યારે દૂર થશે તે એક પ્રશ્ન છે. આ ઉપરાંત નવા પ્રકારે ભેદભાવ અને સામાજિક અસમાનતા ઊભી થઈ છે. જે સમાજના સર્વાંગી વિકાસ માટે આગામી સમયમાં મોટા માં મોટો પડકાર હશે. હજુ પણ એવી જ્ઞાતીના લોકો છે જેના માટે અમુક વ્યવસાય કરવા પર નિષેધ જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની સફાઈ કામદાર મહિલાઓનો સમાજશાસ્ત્રીય અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે. આ વિષયની પસંદગીના કારણોની આપણે વિગતે ચર્ચા કરીશું.

**1.2 ભારતની જ્ઞાતિ વ્યવસ્થા**

દરેક જ્ઞાતિ એ એક સ્વતંત્ર સામાજિક એકમ હોય છે તેની રૂઢીઓ કે રીત રિવાજો –એની પર તેનું જીવન નિર્ભર હોય છે . સામાન્ય પણે બીજી જ્ઞાતિઓના રીત રિવાજોથી કેટલીક બાબતોમાં જુદા હોય છે અને ક્યારેક તો બીજી કોઈપણ જ્ઞાતીના રીત રિવાજોથી તદ્દન ઉલ્ટા કે વિપરીત હોય છે. એક જ્ઞાતીના માણસો બીજી જ્ઞાતિના માણસોની સાથે ખાવા પીવામાં કેટલી હદ સુધી ભળી શકે છે તેની ચોક્કસ મર્યાદા પરંપરાથી ચાલતા આવેલ અલિખિત કાયદાઓ વડે આકેલી હોય છે . અને તે કોને લાગુ પડે છે તે દરેક જાણ અચૂક જાણતો હોય છે . ધર્માન્તર કરવાથી પણ જ્ઞાતિ સંસ્થાનો અંત આવતો નથી કારણકે તેને કાયદેસર વજૂદ ન આપનારા મુસલમાનો પણ પ્રત્યક્ષ વહેવારમાં તેનું પાલન કરતાં જોવામાં આવે છે અને હિન્દુઓની જે તેમનામા પણ ઘણી જ્ઞાતિઓ છે અને જ્યારે કોઈ સુધારક મંડળ હિન્દુ ધર્મથી અલગ થઈને જ્ઞાતિનો ઇનકાર કરે છે ત્યારે તેની પોતાની જ એક નવી જ્ઞાતિ બની જાય છે.

ભારતમાં લગભગ ૩૦૦૦ જ્ઞાતિઓ છે એમ માનવમાં આવે છે અને તે બધીનું વિવરણ કરવા માટે તો એક આખો જ્ઞાનકોષ જોઈએ . કેટલીક જ્ઞાતિઓ આદિવાસી જ્ઞાતિઓ કે બીજી માનવ જાતિઓમાંથી પેદા થયેલી છે . કેટલીક કદાચ મૂળ કારીગરોના બનેલા મહાજનોમાંથી વ્યાવસાયિક ધોરણે બની છે. કેટલીક પ્રાદેશિક છે. કેટલીક ધાર્મિક કે સાંપ્રદાયિક છે તેમ તેમની ઉત્પત્તિ અનેક રીતે થયેલી છે. કોઈપણ જ્ઞાતીના માણસોને એકત્ર જોડી રાખનારૂં મૂળ બંધન જુદી-જુદી જ્ઞાતિઓની બાબતમાં જુદું જુદું રહ્યું છે પણ અહી અમે એમ સૂચવવા માંગીએ છીએ કે આ જુદા જુદા ઘટકોનું કે જ્ઞાતિઓનું એકીકરણ કરીનેજ દેશના જન સમુદાય માંથી અરસ પરસ જીવંત સંબંધ ધરાવનાર સમાજ કે કોમ નિર્માણ કરવામાં આવી છે . તેમાં નવો દાખલ થનાર ઘટક વિના મુશ્કેલીએ બરાબર ગોઠવાઈ શકે છે તેમજ બીજા ઘટકોમાંથી કોઈ જુથ અલગ પડે તો એને એ વ્યાપક સમાજ રચનામાં એટલીજ સહેલાઇથી એક નવી જ્ઞાતિનું રૂપ ધારણ કરી શકે છે.

આ સમાજના ઘડતરમાં જે અનેક પ્રજાઓએ ફાળો આપ્યો છે તેમનો કઈક ખ્યાલ આવે તે માટે આપણે ભારતમાં વખતો વખત બહારથી જે લોકો આવ્યા તેમના આગમનનો વિચાર કરવો જોઈએ. એશિયાના બીજા પ્રદેશો પરથી વિચાર કરતાં એમ લાગે છે કે જેના કઈક અંશે આજે હયાત છે તે હિન્દી દ્વીપ કલ્પના સૌથી પહેલાના વતનીઓ નેગ્રીટો જાતિના હતા . તેઓ વામન જેવા ઠીંગણા હોઇને તેમનો વર્ણ કાળો , વાળ સુકવેલી પીપર જેવા ઊંચાઈ સામાન્ય પણે ચારથી પાંચ ફૂટ વચ્ચે હતી . આવી કેટલીક જ્ઞાતિઓ હજી પણ મલાયા અને ફિલિપાઇન ટાપુઓમાં હયાત છે અને એને કઈક મળતી કેટલીક ન્યુ ગીનીમાં છે . બંગાળના ઉપસાગરમાં આવેલા અંદમાન ટાપુઓમાં તે લગભગ તેના અસલ શુધ્ધ સ્વરૂપમાં ટકી રહી છે . જોકે તેમની સંખ્યા ત્યાં ખૂબ ઝપાટામાં ઘટતી જાય છે અને તેમના લોહીના અંશ ઘણું કરીને કોચીનમાં અરણ્યોમાં વસતી ડાડરના જેવી દક્ષિણ હિંદની કેટલીક જંગલી જાતિઓમાં જોવા મળે છે.

ભારતની વસતી જે અનેક માનવજાતિઓના મિલનથી બનેલી છે . તેમાં નેગ્રીટો જાતિની ગણના કરવી કે નહીં એ વિષે શંકા હોય તો પણ જેનો ઘણી વાર દ્રવિડપૂર્વ અથવા આદિ-ઓસ્ટ્રેલોઇડ જાતિ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે તે ઓસ્ટ્રેલોઇડ જાતિની ગણના કરવા વિષે જરા પણ શંકા નથી . આ જાતિનું મૂળ તપાસીએ તો યુરોપના અગ્નિ ખૂણાની કહેવાતી "બદામવર્ણી જાતિ" સાથે તેનો સબંધ છેવટે બતાવી શકશે અથવા તો અગ્નિ એશિયાની જ કોઈ માનવથી નીચલી કોટીમાંથી તેનો વિકાસ થયો હશે . આ જાતિ ઓસ્ટ્રેલિયાના આદિવાસીઓને અથવા હિન્દ મહાસાગરમાં આવેલા ટાપુઓમાં પથરાયેલી આદિમ જાતિઓ મળતી આવે છે અને આખા હિંદુસ્તાનમાં અને તેમાંય ખાસ કરીને ત્યાંની નીચલી જ્ઞાતિઓમાં તેમજ સમાજના હલકા પછાત વર્ગોમાં ચોમેર જોવા મળે છે . તેનું વધારેમાં વધારે શુધ્ધ સ્વરૂપ દક્ષિણ હિંદની પહાડી અને જંગલી જાતિઓમાં કેટલીક વધારે પ્રાથમિક વ્યવસ્થાવાળી જાતિઓમાં જોવા મળે છે.

**1.3 જ્ઞાતિ વ્યવસ્થાનો સામાન્ય પરિચય**

ભારતમાં જ્ઞાતિ વ્યવસ્થા એક સામાજિક સંગઠન છે જ્ઞાતિ વ્યવસ્થા હિન્દુઓમાં વિશેષ રૂપથી જોવા મળે છે . જ્ઞાતિ વ્યવસ્થા સામાજિક સ્તરીકરણનું એક સ્વરૂપ છે જે જન્મથી પ્રાપ્ત થાય છે . વર્ગ જ્યારે જન્મથીજ નિશ્ચિત થાય છે ત્યારે તેને જ્ઞાતિ કહેવામા આવે છે . જ્ઞાતિએ એક વિશિષ્ટ પ્રકારનો વર્ગ છે જે માત્ર ભારતમાં જ જોવા મળે છે. આ માનવી-માનવી વચ્ચેના ઊંચ-નીચના ભેદનો સૂચક છે.

**1.3.1 જ્ઞાતિનો અર્થ**

© RRIJM 2015, All Rights Reserved

જ્ઞાતિને વ્યાખ્યા આપતા કુલે નોંધે છે કે જ્યારે એક વર્ગ સંપૂર્ણ રીતે અનુવંશિકતા પર આધારિત હોય છે ત્યારે તેને જ્ઞાતિ કહેવામા આવે છે . મજૂમદાર અને મદાનના અનુસાર "એક જ્ઞાતિ એકબંધ વર્ગ છે"રિજલેના મત અનુસાર જ્ઞાતિને પરિવારનો એ સમૂહ બતાવ્યો છે જે એક જ પૂર્વજ જે કાલ્પનિક માનવી કે દેવતા હોય શકે છે જે વંશ પરંપરા બતાવે છે અને એકજ વ્યવસાયમાં જોડાયેલા હોય અને એ લોકો દ્વારજ જે એમના યોગ્ય હોય એક જ્ઞાતિ સમુદાય માનવમાં આવે છે. કેતકરના મત અનુસાર "જ્ઞાતિ એક સામાજિક સમૂહ છે" જેની બે વિશેષતાઓ છે

1. સભ્યતા એ એ વ્યક્તિઓ પુરતીજ સીમિત છે જે સભ્યો દ્વારા જન્મ લે છે અને આવી રીતે જન્મેલા વક્તિઓને ભેગા કરે છે.
2. સભ્ય એક કઠોર સામાજિક નિયમ દ્વારા પોતાના સમૂહથી બહાર લગ્ન કરવા પર પ્રતિબંધ ફરમાવે છે.

દત્ત એ પણ જ્ઞાતિનો કોઈ ચોક્કસ વ્યાખ્યા નથી આપી પરંતુ એના કેટલાક લક્ષણો દર્શાવ્યા છે જેની સમજૂતી નીચે મુજબ છે.

1. એક જ્ઞાતિનો સભ્ય જ્ઞાતિ બહાર લગ્ન કરી શકતો નથી.
2. બીજી જ્ઞાતીના સભ્યો સાથે ખાવા-પીવા પર પ્રતિબંધ છે.
3. અમુક જ્ઞાતિનો વ્યવસાય નિશ્ચિત છે તે નિશ્ચિત કરેલો વ્યવસાય જ કરી શકે છે.
4. જ્ઞાતિઓમાં ઊંચ નીચની પદ્ધતિ છે જેવા બ્રહ્મણોનું સ્થાન સૌથી ઉપર છે.
5. જ્ઞાતિનો નિર્ણય જન્મથી જ થાય છે અને તે જીવનભર માટે હોય છે વ્યક્તિ તેના નિયમોનો ભંગ કરે તો તેને જ્ઞાતિની બહાર મૂકી દેવામાં આવે છે અને એના પછી તે બીજી જ્ઞાતિનું સભ્ય પદ પણ લે શકતો નથી.
6. સંપૂર્ણ પ્રણાલી બ્રહ્મની પ્રતિષ્ઠા પર કેન્દ્રિત અને આધારિત હોય છે.

દત્ત ને જ્ઞાતીના મુખ્ય લક્ષણોને વ્યક્ત કર્યા છે જે સામાન્ય રીતે યથાર્થ છે પરંતુ તેમાં પણ થોડોક અપવાદ જોવા મળે છે જેમ કે એક જ્ઞાતિનો સભ્ય બીજી જ્ઞાતિમાં પ્રવેશ મેળવી શકે છે . માનુની વિધિ અનુસાર પણ ઉચ્ચ જ્ઞાતીના પિતા અને નિમ્ન જ્ઞાતિની માતા દ્વારા જન્મેલા સંતાનને પિતાની જ્ઞાતિનું સંતાન માનવમાં આવે છે. મણિપુર રાજ્યની લોહી જ્ઞાતિને ત્યાંના રાજાએ ક્ષત્રિય જ્ઞાતિ જાહેર કરી હતી અને તેમને જનોઈ ધારણ કરવાની માન્યતા પણ આપી હતી હવે તે ક્ષત્રિયો ગણવામાં આવે છે.

**1.3.2 જ્ઞાતિ વ્યવસ્થાના લક્ષણો**

1. જ્ઞાતિનું મુખ્ય લક્ષણ એ છે કે જ્ઞાતીના સભ્યો પોતાના સમુદાયમાં લગ્ન કરી શકે છે . અહી અંતર્વિવાહિ લગ્નનો કઠોર નિયમ છે. જો કોઈ વ્યક્તિ જ્ઞાતિથી બહાર લગ્ન કરે તો તેને દંડ આપવામાં આવે છે અને જ્ઞાતિ બહાર કાઢી મૂકવામાં આવે છે જ્યારે કોઈ વ્યક્તિ પોતાના કરતાં નિમ્ન જ્ઞાતિમાં લગ્ન કરે તો તેમના સંતાનો પિતાની જ્ઞાતથી નિમ્ન અને માતાની જ્ઞાતિથી ઉચ્ચ એવી એક નવી જ્ઞાતિનું નિર્માણ કરે છે. આ પ્રકારના લગ્નને અનુલોમ કહે છે પરંતુ પ્રતિ લોમ લગ્ન તરફ ધૃણાની દ્રષ્ટિથી જોવામાં આવે છે તેને સ્વીકારવામાં આવતા નથી.
2. ખાવા પીવા પર પ્રતિબંધ જોવા મળે છે . પાકું ભોજન એક વ્યક્તિ બીજી વ્યક્તિના ત્યાં ખાઈ શકતું નથી . કાચું ભોજન પણ એક જ્ઞાતીના સભ્યો એકબીજાને ત્યાં લઈ શકતા નથી.
3. જ્ઞાતિની સભ્યતા જન્મ પર આધારિત છે.
4. મોટા ભાગની જ્ઞાતિઓનો પોતાનો પરંપરાગત વ્યવસાય હોય છે.
5. અનેક પ્રકારની અસુવિધાઓ નિમ્ન જ્ઞાતિઓમાં જોવા મળે છે. અસ્પૃશ્યોના માટે આવો વ્યવહાર કલંક સમાન છે.


જ્ઞાતિ વ્યવસ્થાના લક્ષણો જોતાં જ્ઞાતિ વ્યવસ્થા વિષે વિશેષ સમજૂતી પ્રાપ્ત થાય છે કે જ્ઞાતિ એટ્લે શું ? તેના લક્ષણો પરથી જ્ઞાતિ વ્યવસ્થાના નીતિ નિયમો વિષે પણ જાણકારી પ્રાપ્ત થાય છે. જ્ઞાતિ વ્યવસ્થાને વધારે સમજવા માટે ભારતની જ્ઞાતિ વ્યવસ્થા વિષે જાણકારી પ્રાપ્ત કરીશું

**1.4 વૈવાહિક દરજ્જો**

કોષ્ટક 1.1 વૈવાહિક દરજ્જો

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| પરિણીત | 388 | 89 |
| અપરિણીત | 47 | 11 |
| કુલ | 435 | 100 |

© RRIJM 2015, All Rights Reserved 





આકૃતિ 1.1 વૈવાહિક દરજ્જો

અભ્યાસમાં પ્રત્યેક ઉત્તરદાતાને તેમના વૈવાહિક દરજ્જા વિષે પૂછવામાં આવ્યું હતું. સમાન્યત: આ સમાજમાં બાળવિવાહ , નાની ઉમરે લગ્ન જેવા રિવાજોનુ ચલણ વધુ નોંધાય છે. પરિણામે અપરિપક્વતા ના ઉંમરે તેમનો ઘર સંસાર શરૂ થાય છે. ઉંમરના અભ્યાસ દરમિયાન જાણવા મળેલ છે કે મોટા ભાગની સ્ત્રી સફાઈ કામદાર યુવાવસ્થામાં છે. તેમના વૈવાહિક દરજ્જા વિષેની માહિતી કોષ્ટક 1.1માં રજૂ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર 435 માંથી કુલ 388(89%)સ્ત્રી સફાઈ કામદાર સ્ત્રીઓ પરિણીત છે જ્યારે 47(11%) અપરિણીત છે. આ માહિતી માટેની સૌથી નાની ઉંમર 18 વર્ષથી લેવામાં આવી છે તેથી સામાજિક અને કાયદાકીય જોગવાઇઓ અનુસાર પ્રત્યેક સફાઈ કામદાર સ્ત્રી જે પરિણીત છે તે પુખ્ત અવસ્થા ધરાવે છે તેમ કહી શકાય. અન્ય સમાજની સરખામણીમાં આ સમાજ હજુ પણ પોતાની વિચારશીલતાથી પછાત જોવા મળે છે. પરિણામે નાની વયે લગ્ન કરાવવા તેઓ નિર્ણય લેતા હોય છે. આમ , બે સામાજિક પરિબળો સમાજ વિકાસમાં અવરોધરૂપ સાબિત થાય છે. જેમાં પ્રથમ , સ્ત્રીઓમાં ઓછું શિક્ષણ અને બીજું નાની ઉંમરે લગ્ન આવે છે. અભ્યાસ હેઠળની પ્રત્યેક ઉત્તરદાતા આ બંને પરિબાળોથી વંચિત છે તેમ કહી શકાય.

1.5 જીવનસાથીની માસિક આવક

કોષ્ટક 1.2 જીવનસાથીની માસિક આવક

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| 3000 થી ઓછી | 6 | 1 |
| 3000-5000 | 38 | 9 |
| 5000-10000 | 325 | 75 |
| 10000-20000 | 63 | 14 |
| 20000 થી વધુ | 3 | 1 |
| કુલ | 435 | 100 |




આકૃતિ 1.2 જીવનસાથીની માસિક આવક

સામાજિક ધોરણે વ્યક્તિ સાથે સંકળાયેલ અન્ય વ્યક્તિનો તેના જીવન અને વર્તન પર અચોક્કસ પ્રભાવ રહેતો હોય છે. તેથી અભ્યાસમાં પસંદ થયેલ કામદાર સ્ત્રીઓ સાથે જોડાયેલ સૌથી નજીકની વ્યક્તિ તેમના જીવન સાથી છે. તેમના જીવનમાં જીવનસાથીની આવકનો અભ્યાસ પણ અગત્યનું પાસું બને છે તેથી પસંદ થયેલા સમૂહ માટે તેમના જીવનસાથીની માસિક આવક વિષે જાણવાનો પ્રયાસ થયેલ છે. કોષ્ટક 1.2 અભ્યાસ હેઠળના સમૂહના જીવન સાથીની માસિક આવક દર્શાવે છે. કોષ્ટક 1.2 માં દર્શાવ્યા મુજબ તેમના જીવનસાથીની આવક 3000થી ઓછી અને માસિક 20000થી વધુ માટે પાંચ વર્ગોમાં વિભાજિત કરવામાં આવી છે. માસિક રૂ.3000થી ઓછી આવક હોય તેવા 6(1%) ઉત્તરદાતા નોંધવામાં આવ્યા છે. આ સ્ત્રી કામદારોની આવક પણ તેમના જીવનસાથીની માસિક આવક જેટલી થવા પામે છે આ પરથી કહી શકાય કે આ પરિવાર સૌથી વધુ આર્થિક મુશ્કેલીનો સામનો કરતાં હશે. જેમના જીવનસાથીની માસિક આવક રૂ. 3000 થી 5000 સુધી હોય તેવા 38(9%) ઉત્તરદાતા છે તેમજ , રૂ. 5000 થી 10000 સુધીની માસિક આવક ધરાવતા જીવનસાથીની સંખ્યા માટે સૌથી વધુ આવૃત્તિ 325(75%) પ્રાપ્ત થાય છે. સ્ત્રી કામદારની માસિક

© RRIJM 2015, All Rights Reserved


આવકના અભ્યાસમાં પણ આ વર્ગ માટે વધુ સંખ્યા પ્રાપ્ત થયેલ છે. આ વર્ગ માટેની આવૃત્તિ પરથી તારવી શકાય છે કે પતિ-પત્ની બંનેની આવક માસિક 10000થી 20000 સુધી થાય છે જે હાલના સમયમાં જીવન નિર્વાહ ચલાવવા માટે પૂરતી છે જે મહિલા સફાઈ કામદારના જીવનસાથીની આવક રૂ. 10000 થી 20000 સુધી છે તેમની સંખ્યા 63(14%) પ્રાપ્ત થાય છે જેમના જીવનસાથીની આવક આ વર્ગમાં આવે છે તેઓ અન્ય પરિવારો કરતાં વધુ સુખાકારીમય જીવન નિર્વાહ ચલાવી શકે છે. છેલ્લો વર્ગ જેમના જીવનસાથીની આવક રૂ.20000થી વધુ છે તેમની સંખ્યા રજૂ કરે છે તેમની કુલ સંખ્યા સૌથી ઓછી નોંધાયેલ છે. તેમની સંખ્યા માત્ર 3 છે જેની ટકાવારી એકથી ઓછી થાય છે. અભ્યાસ હેઠળના બધાજ મહિલા કામદારોની સંખ્યામાં આ ત્રણ સ્ત્રી કામદારોના પરિવારની આવક સૌથી વધુ હશે. પ્રાપ્ત માહિતી આધારે તારવી શકાય છે કે સ્ત્રી અને પુરુષ સફાઈ કામદાર જેમની માસિક આવક રૂ. 5000થી રૂ.10000 વચ્ચે છે તેઓ સામાજિક દ્રષ્ટિથી પોતાનું નિર્વાહ સારી રીતે ચલાવી શકે છે.

**1.6 કુટુંબનો પ્રકાર**

કોષ્ટક 1.3કુટુંબનો પ્રકાર

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| સંયુક્ત કુટુંબ | 208 | 48 |
| વિભક્ત કુટુંબ | 227 | 52 |
| કુલ | 435 | 100 |

કુટુંબના સભ્યોની સંખ્યા આધારે તે કુટુંબ સંયુક્ત છે કે વિભક્ત કુટુંબ છે તેનો સારાંશ મેળવી શકાય છે. જે કુટુંબમાં બે સભ્યો બાળકો હોય તેમણે વિભક્ત કુટુંબ અને જેમાં 2થી વધુ સભ્યો ઉપરાંત ઘરના વડીલો પણ સમાવિષ્ટ હોય તે સંયુક્ત કુટુંબની વ્યાખ્યામાં નોધવામાં આવ્યા છે.



આકૃતિ 1.3 કુટુંબનો પ્રકાર

મહિલા સફાઈ કામદારોને આ બાબતે માહિતી મેળવતા પ્રાપ્ત માહિતી કોષ્ટક- 1.3 માં રજૂ કરવામાં આવી છે. કોષ્ટક- 1.3માં દર્શાવ્યા મુજબ 435 માંથી માત્ર 81 (19%)કુટુંબ વિભક્ત કુટુમ્બ છે જ્યારે અન્ય 354 (81%) મહિલા સફાઈ કામદાર સંયુક્ત કુટુંબ સાથે જોડાયેલ છે.પ્રાપ્ત માહિતી પરથી તારવી શકાય છે કે કુલ 81% મહિલા સફાઈ કામદાર સંયુક્ત કુટુંબ પ્રથમા જીવે છે. સામાજિક ધોરણ મુજબ આ સમાજ પોતાની રૂથી અને પરંપરા જાળવી રાખવામા સફળ છે.


**1.7 કુટુંબમાં સભ્યોની સંખ્યા**

કોષ્ટક 1.4કુટુંબમાં સભ્યોની સંખ્યા

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| ૨ સભ્ય | 81 | 19 |
| 3 સભ્ય | 172 | 40 |
| 4 સભ્ય | 123 | 28 |
| 4 થીવધુ | 59 | 14 |
| કુલ | 435 | 100 |

ભારતના સામાજિક માળખામાં એક સામાન્ય વ્યવહાર નોંધવામાં આવ્યો છે જે મુજબ "એક કામનાર અને અનેક ખાનાર" સાર્થક થાય છે. સમાન્યત: જે પરિવારોમાં ઉપરોક્ત ઉક્તિ સાચી ઠરે છે તે આર્થિક બાબતે પછાત રહેલા જણાય છે પરિણામે તેમના સામાજિક વ્યવહાર પણ ઓછા-વત્તા અંશે અસર પામે છે.

© RRIJM 2015, All Rights Reserved 




આકૃતિ 1.4 કુટુંબમાં સભ્યોની સંખ્યા


મહિલા સફાઈ કામદારના આ સામાજિક પૃથ્થકરણમાં પણ ઉપરોક્ત ઉક્તિની અસર છે કે કેમ તે તપાસવા માટે તેમને તેમના કુટુંબના કુલ સભ્યો વિષે પૂછવામાં આવ્યું જેના પ્રત્યુત્તર કુલ 4 વર્ગમાં વિભાજિત કરી કોષ્ટક: 1.4માં રજૂ કરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર જે મહિલા સફાઈ કામદારના કુટુંબમાં 2 સભ્યો છે તેમની સંખ્યા 81(19%) કુલ આવૃત્તિમાંથી નોંધવામાં આવી છે. જે મહિલા સફાઈ કામદારના કુટુંબના સભ્યોની સંખ્યા 3 થી વધુ છે તે 172(40%) છે. તેજ પ્રમાણે જેમના કુટુંબના સભ્યોની સંખ્યા 4 સભ્ય હોય તેઓની સંખ્યા 123(28%) પ્રાપ્ત થાય છે. અને જેમના કુટુંબમાં 4 થી વધુ સભ્યો હોય તેમની સંખ્યા 59(13%) પ્રાપ્ત થાય છે.પ્રાપ્ત માહિતી પરથી તારવી શકાય છે કે કુટુંબ સાથે જોડાઈ રહેવાની એક સામાજિક પરંપરા આ જાતિના લોકો દ્વારા જાળવી રાખવામા આવી હોય તેમ જણાય છે. મોટા ભાગના કુટુંબ સંયુક્ત કુટુંબ પ્રથાને અનુસરે છે જેમાં 3થી વધુ સભ્યો નોંધવામાં આવ્યા છે. ઉપરાંત આવક ધારક વ્યક્તિની સરખામણીમાં તેમના પર આધારિત કેટલા સભ્યો નિર્વાહ કરે છે અને કુટુંબમાં કુલ કેટલી વ્યક્તિ આવક મેળવે છે તેનો અભ્યાસ જરૂરી બને છે. ઉપરાંત , કેટલા કુટુંબ સંયુક્ત નિવાસ કરે છે અને કેટલા વિભક્ત કુટુંબ પ્રથા અપનાવેલ છે તે જાણવું પણ રસપ્રદ બની રહે છે.

**1.8 કુટુંબમાં કુલ કમાતી વ્યક્તિની સંખ્યા**

અભ્યાસ હેઠળની કુલ 435 મહિલા સફાઈ કામદારોમાંથી માત્ર 47 અવિવાહિત છે. જેઓ પોતાના કુટુંબ સાથે અમદાવાદ શહેરમાં વસવાટ કરે છે. આર્થિક બાબતો સામાજિક જીવન ધોરણને સીધુજ અસર કરતું પાસું છે. તેથી વધુ આર્થિક ઉપાર્જન માટે કુટુંબના કુલ કેટલા સભ્યો આવક ધરાવે છે તે જાણવું અનિવાર્ય બને છે.

કોષ્ટક 1.5 કુટુંબમાં કુલ કમાતી વ્યક્તિની સંખ્યા

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| ૨ વ્યક્તિ | 264 | 61 |
| બેથી વધુ | 171 | 39 |
| કુલ | 435 | 100 |




આકૃતિ 1.5કુટુંબમાં કુલ કમાતી વ્યક્તિની સંખ્યા

પરિણીત તથા અપરિણીત બંને વર્ગ માટે તેઓ તેમના પરિવારજન સાથે વસવાટ કરે છે. તેથી જો મહિલા કામદાર પરિણીત હોય તો તેના જીવનસાથી તથા ઘરના અન્ય સભ્યને આવક ધારક તરીકે ગણવામાં આવ્યો છે. તેજ પ્રમાણે જો તે અપરિણીત હોય તો કુટુંબમાં માતા-પિતા તથા મહિલા સફાઈ કામદારને આવક ધારક તરીકે લેવામાં આવ્યા છે. આમ , કુટુંબમાં કુલ કમાતી વ્યક્તિની સંખ્યાની ઓછામાં ઓછી 2 વ્યક્તિ લેવામાં આવી છે. જેમાં 264(61%) મહિલા સફાઈ કામદારો સંમતિ આપે છે. ઉપરાંત જે મહિલા કામદારના કુટુંબમાં બે થી વધુ વ્યક્તિ આવક ધારક છે


© RRIJM 2015, All Rights Reserved

તેમની સંખ્યા 171(39%) પ્રાપ્ત થાય છે. ઉપરોક્ત માહિતી પરથી જાણી શકાય છે કે મોટા ભાગના મહિલા સફાઈ કામદારોના કુટુંબમાં બે વ્યક્તિ આવક ધારક છે.

**1.9 કુટુંબની કુલ આવક**

કોષ્ટક:1.6 કુટુંબની કુલ આવક

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| 5000-10000 | 32 | 7 |
| 10000-20000 | 266 | 61 |
| 20000 થી વધુ | 137 | 31 |
| કુલ | 435 | 100 |




આકૃતિ 1.6 કુટુંબની કુલ આવક


એકત્રિત માહિતીમાં પ્રમાણ પૃથ્થકરણ મહિલા સફાઈ કામદારોની માસિક આવક માટે મેળવવામાં આવી ત્યારબાદ તેમના જીવનસાથીની માસિક આવક માટે માહિતી પ્રાપ્ત કરવામાં આવી જે આધારે કુટુંબની કુલ આવક પ્રાપ્ત કરી શકાય છે કોષ્ટક: 1.6 મહિલા સફાઈ કામદારના કુટુંબની કુલ માસિક આવકનો ચિતાર આપે છે. જે માટે કુલ ત્રણ વર્ગાવૃત્તિ લેવામાં આવી છે. પ્રથમ વર્ગ તેવા કુટુંબની સંખ્યા દર્શાવે છે જેમની માસિક આવક રૂ.5000 થી રૂ.10000 સુધી છે. આ વર્ગ માટે કુલ 32(8%) કુટુંબ નોંધવામાં આવ્યા છે. તેજ પ્રમાણે બીજો વર્ગ માસિક આવક રૂ. 10000 થી 20000ની આવક માટે નક્કી કરવામાં આવ્યો છે જેની કુલ સંખ્યા 266(61%) સૌથી વધુ પ્રાપ્ત થાય છે. આ પરિવાર સામાન્ય જીવન ધોરણ સુખથી જીવી શકે છે. છેલ્લા વર્ગમાં જેમની કુલ આવક રૂ. 20000 થી વધુ છે તેમની કુલ સંખ્યા 137(31%) રજૂ કરવામાં આવી છે. આ વર્ગમાં પ્રાપ્ત કુટુંબની સંખ્યા પણ અન્ય કુટુંબો કરતાં જીવન ધોરણ ઉત્તમ ધરાવે છે તેમ કહી શકાય. ઉપલબ્ધ માહિતી પરથી તારવી શકાય છે કે સફાઈ કામદાર તરીકે કાર્ય કરતા મહિલા વર્ગને આર્થિક બાબતે જીવનનિર્વાહ નિભાવવા પૂરતી માસિક આવક મળી રહે છે.

**1.10 કુટુંબનો માસિક ખર્ચ**

કોષ્ટક 1.7માસિક ખર્ચ

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| 5000-10000 | 45 | 10 |
| 10000-20000 | 234 | 54 |
| 20000 થી વધુ | 156 | 36 |
| કુલ | 435 | 100 |

© RRIJM 2015, All Rights Reserved





આકૃતિ 1.7 માસિક ખર્ચ

મહિલા સફાઈ કામદારના કુટુંબના સભ્યોની સંખ્યા , કમાતી વ્યક્તિની સંખ્યા તથા કુટુંબની કુલ માસિક આવકના તારણો પરથી જાણી શકાય છે કે 81% મહિલા સફાઈ કામદારો સંયુક્ત કુટુંબમાંથી આવે છે. સમાન્યત: તેમના ઘરમાં 3 થી વધુ સભ્યો રહે છે. ઉપરાંત આ કુટુંબની માસિક આવક રૂ. 10000 થી 20000 સુધી છે તે પ્રમાણે સરેરાશ અંદાજિત માથાદીઠ ખર્ચ રૂ. 4000 થી 5000 સુધીનો હોઇ શકે છે. આ તારણો પરથી આ કામદારોના કુટુંબના નિર્વાહ માટે માસિક કેટલો ખર્ચ થવા પામે છે તે જાણવું જરૂરી બને છે. કોષ્ટક:4.18 મહિલા કામદારોના કુટુંબમાં થતાં માસિક ખર્ચ વિષે માહિતી રજૂ કરે છે. કોષ્ટક 1.7માં વિગતો કુલ ત્રણ વર્ગમાં વહેંચવામાં આવી છે. સામાન્ય ખર્ચ કોઈ પણ પરિવાર માટે રૂ. 5000 થવા પાત્ર છે. તેથી સૌથી ઓછો ખર્ચ રૂ. 5000 થી 10000 વચ્ચે આવે તેમ ગણતરી કરતાં પ્રથમ વર્ગની આવૃત્તિ 5000 થી 10000 લેવામાં આવી છે. જેમાં કુલ 45(10%) મહિલા સફાઈ કામદાર સહમત થાય છે. આ મહિલાઓની માસિક આવક પ્રમાણે તેમનો નિભાવખર્ચ થતો હશે તેમ કહી શકાય. કુલ 32 મહિલા કામદાર માસિક રૂ. 5000 થી 10000 વચ્ચે આવક પ્રાપ્ત કરે છે તેમ જાણકારી મેળવવામાં આવી છે. જેની સામે કુલ 45 મહિલા સફાઈ કામદાર રૂ. 5000 થી 10000 સુધી માસિક ખર્ચ વિષે માહિતી આપી રહી છે. કુલ 234(54%) મહિલા સફાઈ કામદાર તે બાબતે સહમત થાય છે કે તેમના પરિવારનો માસિક ખર્ચ રૂ. 10000 થી 20000 સુધી છે તથા કુલ 156(36%) ઉત્તરદાતા સહમત થાય છે કે તેમની માસિક ખર્ચ રૂ. 20000 થી વધુ થવા પામે છે. આવકની ગણતરીમાં માત્ર 137 કુટુંબ રૂ. 20000 થી વધુ આવક પ્રાપ્ત કરે છે. જેની સામે 156 કુટુંબની માસિક ખર્ચની કિંમત રૂ. 20000 થી વધુ છે. જે સ્પષ્ટ સ્વરૂપે આવક- ખર્ચની અસમાનતા દર્શાવે છે. પ્રાપ્ત ગણતરી કોઈ પરિવાર માટેના આવક-ખર્ચની માહિતી રજૂ કરતી નથી.

**1.11 કુટુંબના નિર્વાહ માટે પૂરતી કમાણી પ્રાપ્ત થાય છે.**

કોષ્ટક 1.8કુટુંબને નિર્વાહ માટે પુરતી કમાણી છે

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| હા | 152 | 35 |
| ના | 283 | 65 |
| કુલ | 435 | 100 |




આકૃતિ 1.8કુટુંબને નિર્વાહ માટે પુરતી કમાણી છે


આર્થિક બાબતોના અભ્યાસ માટેના પરિબળો કુટુંબની કુલ સભ્ય સંખ્યા , કુટુંબનું કદ , કુટુંબની માસિક આવક અને કુટુંબનું માસિક ખર્ચ તરવતા કુટુંબને નિર્વાહ કરવા માટે પૂરતી કમાણી પ્રાપ્ત થાય છે તેનું તારણ મેળવી શકાય. તે બાબત ધ્યાન પર કઈ પ્રત્યેક મહિલા સફાઈ કામદારને તેમના કુટુંબને જીવન નિર્વાહ માટે પૂરતી આવક મળી રહે છે કે કેમ તેના અભ્યાસ કરવો જરૂરી બને છે. મહિલા સફાઈ કામદારોને તેમના નિર્વાહ માટે પૂરતી આવક પ્રાપ્ત થાય છે તેની માહિતી કોષ્ટક 1.8માં રજૂ કરવામાં આવી છે. કુલ 435 મહિલા સફાઈ કામદારમાંથી 152(35%) તેમના કુટુંબના નિર્વાહ માટે પૂરતી આવક પ્રાપ્ત થાય છે તે બાબત સંમત થાય છે. જ્યારે 283(65%) મહિલા સફાઈ કામદારો અસહમત છે. તેઓ જણાવે છે કે તેમના કુટુંબની આવક કરતાં નિર્વાહ ખર્ચ વધુ છે અને તેમના કુટુંબની આવક પૂરતી નથી.

**1.12આવકના અન્ય સાધનો**

© RRIJM 2015, All Rights Reserved

કોષ્ટક 1.9આવકના અન્ય સાધનો

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| કોઈ સાધન નથી | 116 | 27 |
| અન્ય નોકરી | 219 | 50 |
| પરચુરણ કામ | 100 | 23 |
| કુલ | 435 | 100 |





આકૃતિ 1.9આવકના અન્ય સાધનો

અભ્યાસ હેઠળની કુલ 65% મહિલા સફાઈ કામદાર જણાવે છે કે તેમના કુટુંબની આવક જીવન નિર્વાહ ચલાવવા માટે પૂરતી નથી. આ મહિલા કામદારો આવક પ્રાપ્ત કરવા અન્ય કોઈ સાધનોનો ઉપયોગ કરે છે તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો જે બાબતે આ સફાઈ કામદારોને તેમના આવકના અન્ય સાધનો વિષે માહિતી આપવા જણાવ્યુ. તેમના દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી કોષ્ટક: 1.9માં રજૂ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી પરથી જોઈ શકાય છે કે કુલ 116(27%) મહિલા કામદારો પાસે આવકનું અન્ય કોઈ સાધન નથી. કુલ 435 મહિલાઓમાંથી 219(50%) મહિલા સફાઈ કામદારો અન્ય નોકરી કરી આવક પ્રાપ્ત કરે છે તથા 100(23%) મહિલા સફાઈ કામદારો અન્ય પરચુરણ કામ કરી આવક પ્રાપ્ત કરે છે. આ માહિતી પરથી જાણી શકાય છે કે જે મહિલા સફાઈ કામદારોને નિર્વાહ માટે પૂરતી આવક પ્રાપ્ત છે તેઓ પણ અન્ય નોકરી અથવા પરચુરણ કામથી વધુ આવક પ્રાપ્ત કરે છે.

**1.13 દેવું અથવા બાહ્ય લેણા**

કોષ્ટક 1.10કોઈ દેવું છે

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| હા | 325 | 75 |
| ના | 110 | 25 |
| કુલ | 435 | 100 |




આકૃતિ 1.10કોઈ દેવું છે

મહિલા સફાઈ કામદારોની માસિક આવક, ખર્ચ અને જીવન નિર્વાહ ખર્ચની ખપ પૂરી કરવા વધારાની આવક પ્રાપ્ત કરવા વિષે માહિતી મેળવવામાં આવી. માસિક આવક અથવા આવકનું સાધન સામાન્ય જીવન નિભાવવામાં ઉપયોગી બને છે. કોઈ અનિવાર્ય સંજોગો ઊભા થતાં તેને પહોંચી વળવા માટે આ વર્ગ ચોક્કસ તકલીફ અનુભવે છે. તે માટે વધુ નાણાની જરૂરિયાત ઊભી થાય છે. નાણાની આ જરૂરિયાત પૂરી કરવા તેઓ વધારાના નાણાં પ્રાપ્ત કરવા દેવું કરે છે તે સંદર્ભે તેમની પાસેથી માહિતી પ્રાપ્ત કરવામાં આવી. જેની વિગત કોષ્ટક: 4.21 માં રજૂ કરવામાં આવી

© RRIJM 2015, All Rights Reserved


છે. કુલ 435 ઉત્તરદાતા માંથી 325 (75%) મહિલા સફાઈ કામદારો જણાવે છે કે તેમને દેવું કરવાની જરૂરિયાત ઉભી થાય છે તેની સાથે 110(25%) ને કોઈ જ દેવું નથી તેમ જણાવે છે.

ઉપરોક્ત માહિતી જણાવે છે કે સામાન્ય સંજોગોમાં આ પરિવારો જીવન ખપ પૂરતુંજ જીવી શકે છે ત્યારે વધારાના ખર્ચને પહોંચી વળવા તેઓ સક્ષમ નથી અને સામાજિક ધોરણોને અનુસરી દેવું કરવા મજબૂર બને છે.

**1.14 કુલ દેવું**

કોષ્ટક 1.11કુલ દેવું

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| 2000-3000 | 47 | 11 |
| 3000-5000 | 158 | 36 |
| 5000થી વધુ | 120 | 28 |
| કોઈ દેવું નથી | 110 | 25 |
| કુલ દેવું | 435 | 100 |




આકૃતિ 1.11કોઈ દેવું છે


કુટુંબના નિર્વાહ માટેની પર્યાપ્ત આવક ઉપરાંત થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવાની જરૂરિયાત ઉભી થાય છે તે તારણ વિષે અગાઉ ચર્ચા કરવામાં આવી છે. આ દેવાની રકમ કેટલા પ્રમાણમાં થાય છે તે માટે માહિતી પ્રાપ્ત કરવામાં આવી. પ્રાપ્ત માહિતી આધારે પ્રતિ માસ વધારાનું દેવું રૂ. 2000 થી 5000 અથવા તેથી વધુ માટે આવૃત્તિ વિતરણની રચના કોષ્ટક 1.11માં રજુ કરવામાં આવી છે. તે મુજબ જે મહિલા સફાઈ કામદારને માસિક દેવું રૂ. 2000 થી 3000 સુધી છે. તેમની સંખ્યા 47(11%) છે. તેથી વધુ જેમના માસિક દેવાની રકમ રૂ. 3000 થી 5000 સુધી છે તેમની સંખ્યા 158(36%) જણાય છે જે મહિલા કામદારની દેવાની જોગવાઈ માસિક રૂ. 5000 થી વધુ છે તેમની સંખ્યા 120(28%) પ્રાપ્ત થાય છે. ઉપરાંત જેમને કોઈ જ દેવું નથી તેવી મહિલા કામદારની સંખ્યા 110(25%) છે. ઉપરોક્ત માહિતી પરથી જાણી શકાય છે કે વધુમાં વધુ મહિલા કામદારોને માસિક રૂ. 3000 થી વધુ દેવું છે. આ દેવાની જોગવાઈ કોઈ ચોક્કસ કારણસર કરવામાં આવ્યું હોવું જોઈએ. અભ્યાસ હેઠળના ઉત્તરદાતાની કુટુંબની આવક પરથી એ સ્પષ્ટ છે કે તેમની માસિક આવકથી તેમનો જીવન નિર્વાહ નિભાવી શકાય તેમ છે. તેથી તારવી શકાય કે અનિવાર્ય સંજોગોને કારણે દેવું કરવાની જરૂરિયાત ઉભી થયેલ હોવી જોઈએ.

**1.15 દેવું કરવાનું કારણ**

કોષ્ટક 1.12દેવું કરવાનું કારણ

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| મકાન | 7 | 2 |
| કુટુંબમાં માંદગી | 88 | 20 |
| કુટુંબને મદદ માટે | 78 | 18 |
| લગ્ન માટે | 35 | 8 |
| મરણ થવાથી | 49 | 11 |
| સમાજિક | 68 | 16 |
| અન્ય | 110 | 25 |
| કુલ | 435 | 100 |

© RRIJM 2015, All Rights Reserved 




આકૃતિ 1.12દેવું કરવાનું કારણ

પોતાના જીવન નિર્વાહના ખર્ચ ઉપરાંત કરવામાં આવતા વધારાના દેવા માટેના કારણો જાણવા માટે મહિલા સફાઈ કામદારો સમક્ષ આ પ્રશ્ન મુકવામાં આવ્યો અને તે માટેના પ્રાપ્ત કારણોની માહિતી કોષ્ટક 1.12માં રજુ કરવામાં આવી છે. કુલ 110(25%) મહિલા સફાઈ કામદારોને કોઈજ દેવું નથી. તે સ્પષ્ટ છે અન્ય 325 મહિલા કામદારો પાસેથી પ્રાપ્ત માહિતી પરથી જાણી શકાય છે કે કુલ 7(2%) મહિલાઓએ સ્વ રહેઠાણ માટે મકાન બનાવવા માટે દેવું કરેલ છે. કુલ 325 દેવાદાર મહિલા કામદારોમાંથી 88(20%) કુટુંબના સભ્યોની માંદગીને કારણે દેવું કરવાની ફરજ પડી છે. તો 78(18%) પોતાના કુટુંબના જરૂરિયાત સમયે મદદ કરવાના આશયથી દેવું કરેલ છે તેમ જણાવે છે. 35 મહિલા કામદાર લગ્ન પ્રસંગના ખર્ચને પહોંચી વળવા માટે દેવું ભરપાઈ કરે છે. કુલ 49(11%) મહિલા કામદારો સ્વજનોના મરણ પ્રસંગને કારણે થતા રૂઢિગત ખર્ચ માટે દેવું કરેલ છે અને 68(16%) મહિલાઓ પોતાના સામાજિક વ્યવહારો સાચવવા માટે દેવું કરવા પ્રેરિત થયેલા છે તેમ જણાવે છે. ઉપરોક્ત ચર્ચા પરથી સ્પષ્ટ થાય છે કે દેવું કરવા પાછળ સૌથી મોટું પરિબળ કુટુંબના સભ્યોની માંદગી અથવા અન્યોન્ય કારણસર કુટુંબને મદદ કરવાનો આશય છે. આ ઉપરાંત સામાજિક જવાબદારીઓ પૂરી કરવા માટે દેવું કરનાર મહિલા કામદારોની સંખ્યા વધુ નોંધવામાં આવી છે. આ વર્ગ મોટા પ્રમાણમાં સંયુક્ત કુટુંબમાં રહેવાનું પસંદ કરે છે. પરિણામે બહોળા કુટુંબમાં દર્શિષ્ટ કારણો વધુ ઉભા થાય છે તે સ્પષ્ટ છે. ઉપરાંત સામાજિક જવાબદારી પણ વધુ ઉભી થાય છે તે પરથી સ્પષ્ટ છે કે સામાજિક વ્યવહાર પાછળનો ખર્ચ વધુ થાય છે. આ દેવું પોતાના સ્વાર્થ માટે અથવા સ્વ-વિકાસ માટે કરનાર મહિલા કામદારોની સંખ્યા ખુબજ ઓછી છે. સમાજના અન્ય વર્ગોમાં આવક ધારક મહિલા સૌ પ્રથમ પોતાના ઘર, દર-દાગીના કે અન્ય મિલકત વસાવવા અને સામાજિક પ્રતિષ્ઠા વધારવાના સાધનો વસાવવાના ક્રનોસર દેવું કરતા વધુ જોવા મળે છે. જયારે આ સમાજ અથવા વર્ગ પોતાની સામાજિક જવાબદારી અથવા કુટુંબ પ્રથાને, રૂઢી-રિવાજને જાળવવા દેવું કરતા નોંધાય છે.


**1.16 દેવું કરવા માટે નાણા ક્યાંથી પ્રાપ્ત કરે છે.**

સામાન્યત: આ વર્ગ પોતાના વિસ્તાર અથવા સમુહમાં વસવાટ કરે છે. ઉપરાંત પોતાની મિલકત કે સ્વાયત્ત માલિકીની વસ્તુ ખુબજ ઓછી ધરાવે છે. તેથી દેવું કરવાની જરૂરિયાત ઉભી થાય છે. આ દેવાની રકમ કોની પાસેથી મેળવવામાં આવે છે , તેના જવાબમાં પ્રાપ્ત માહિતી કોષ્ટક 4.24માં રજુ કરવામાં આવી છે.

કોષ્ટક 1.13કોના પાસેથી નાણા લીધા

| વિગત | આવૃત્તિ | ટકાવારી |
|---|---|---|
| સહુકાર | 98 | 23 |
| વેપારી | 144 | 33 |
| સગા સંબંધી | 83 | 19 |
| કોઈ દેવું નથી | 110 | 25 |
| કુલ | 435 | 100 |

© RRIJM 2015, All Rights Reserved




આ વર્ગ પાસે પોતાની આવકના અપૂરતા પુરાવા, સ્વાયત્ત કે ખાનગી મિલકત ઓછી હોવાથી નાણાકીય સંસ્થા પાસેથી તેઓ નાણા પ્રાપ્ત કરી શકતા નથી. તેવી તેમનો સામાન્ય વ્યવહાર શાહુકાર, વેપારી અથવા સગા-સબંધી પાસેથી ઉછીના નાણા પ્રાપ્ત કરતા હોય છે જેની વિગતો પ્રાપ્ત કરતાં આંકડા કોષ્ટક 1.13રજુ કરે છે. પ્રાપ્ત અંકો પરથી સ્પષ્ટ થાય છે કે કુલ 98(23%) મહિલા સફાઈ કામદાર શાહુકાર પાસેથી પોતાના વધારાના ખર્ચ માટે નાણા પ્રાપ્ત કરે છે. અન્ય 144(33%) નાના વેપારીઓ રકમ પ્રાપ્ત કરે છે. કુલ 110(25%) આવી રકમ મેળવવાની જરૂરિયાત ધરાવતી નથી. તેમને કોઈ દેવું નથી તેમ જણાવે છે.

ઉપરોક્ત માહિતી સ્પષ્ટ કરે છે કે મોટા પ્રમાણમાં દેવાની રકમ શાહુકાર અથવા નાના વેપારી વર્તુળમાંથી પ્રાપ્ત કરવામાં આવે છે. આ શાહુકાર કે વેપારી વર્ગ ઊંચા વ્યાજે રકમનું ધિરાણ કરે છે. આ ચૂકવવાના વ્યાજની રકમ એ વધારના ખર્ચ પેટે આ મહિલા કામદારો જોઈ શકતા નથી. આમ, સામાજિક ધોરણે પોતાના નીચા સ્તર અને અપર્યાપ્ત આવકને કારણે નાણાકીય શોષણનો ભોગ બને છે. જેઓ સગા-સબંધી પાસેથી આવક પ્રાપ્ત કરે છે. તેઓ માટે વધારાના વ્યાજ ચૂકવવાનો પ્રશ્ન કદાચ નહીવત હશે. ઘણા ખરા કિસ્સામાં વ્યાજે લીધેલા નાણાની ચુકવણી કરવામાં આ વર્ગ વ્યાજનું પણ વ્યાજ ચુકવતા હોય છે. આ વધારાના વ્યાજની રકમ તે તેમના આર્થિક શોષણને કારણે અન્ય રીતે પોતાની આવક ગુમાવવા માટેનું એક મહત્વનું કારણ બની રહે છે. આ દેવું પ્રાપ્ત કાર્ય પછી તેને ચુકવવા માટે આ મહિલા કામદારો શું ઘટતું કરે છે તેની ચર્ચા પણ જરૂરી બને છે.

**References**


૧) "ભારતીય સમાજ અને સમસ્યા" રામબિહારી તોમર શ્રી રામ મહેરા એન્ડ કંપની, આગ્રા (૧૯૭૧):

૨) ગુજરાતનાં વિકસતા સમુદાયો આઝાદી પછીના સમય દરમિયાન અસ્પૃશ્યોની સ્થિતિમાં ફેરફાર ઉર્મિલા પટેલ (૧૯૫૦-૧૯૮૦)

૩) હિંદુસ્તાનની જ્ઞાતિ સંસ્થા ૧૯૬૦ ક. ચ. પરીખ

૪) સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા કલ્પના શાહી, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

૫) વર્ણ વ્યવસ્થા ગાંધીજી બીજી આવૃત્તિ, ૧૯૫૬

૬) HindiSocietyatCrossroads, Panikker બીજી આવૃત્તિ, ૧૯૫૬

૭) અસ્પૃશ્યતા, ગાંધીજી બીજી આવૃત્તિ, ૧૯૬૧

૮) Caste,Classandoccupation, જી. એસ. ધૂર્ય, ૧૯૬૧

૯) ભારતીય સમાજ વ્યવસ્થા, ડો. તારાબેન પટેલ ત્રીજી આવૃત્તિ, ૧૯૬૫

૧૦) સામાજિક સમસ્યાઓ, હસમુખભાઈ પટેલ પ્રથમ આવૃત્તિ, ૧૯૬૫

૧૧) કલ્પેશ એસ. ભાટિયા (૨૦૦૧) ગ્રામીણ સમાજમાં અસ્પૃશ્યતાનો અભ્યાસ, ગુજરાત યુનિવર્સિટી અપ્રકાશિત એમ.ફિલ. લઘુ શોધ નિબંધ

૧૨) મકવાણા દક્ષાબેન (૧૯૯૪-૯૫), અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સફાઈ કામદાર મહિલાઓનો અભ્યાસ ગુજરાત વિદ્યાપીઠ અપ્રકાશિત એમ. એસ. ડબલ્યુ, લઘુ શોધ નિબંધ

૧૩) અમિત એમ. અંબાણી(૧૯૯૬-૯૭) અમદાવાદમા મ્યુનિસિપલ કોર્પોરેશનના ગટર કામદારોની સ્થિતિ અને વ્યાવસાયિક સ્વાસ્થ્યના પ્રશ્નો નો અભ્યાસ, ગુજરાત વિદ્યાપીઠ અપ્રકાશિત એમ. એસ. ડબલ્યુ લઘુ શોધ નિબંધ

૧૪) મીના બી. રાઠોડ (૨૦૦૦), અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં વસતા સફાઈ કામદારોનો સમાજ શાસ્ત્રીય અભ્યાસ, ગુજરાત યુનિવર્સિટી અપ્રકાશિત એમ. ફિલ. લઘુશોધ નિબંધ

૧૫) એલિશ મોરિસ, ૧૯૯૭, વિચાર મેગેઝીન

૧૬) યોજના, માથે મેલુ ઉપાડવાની કલંકરૂપ પ્રથાની નાબૂદી માટે રાજકીય નિર્ધાર અનિવાર્ય ડો. અમૃત પટેલ, ૨૦૧૧


© RRIJM 2015, All Rights Reserved